# પ્રધાનમંત્રીશ્રીએ કુવૈતમાં 'હાલા મોદી' કાર્યક્રમમાં ભારતીય સમુદાયને સંબોધિત કર્યો

21 ડિસેમ્બર, 2024

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે કુવૈતમાં ભારતીય સમુદાયની વિશાળ જનમેદનીને શહેરના શેખ સાદ અલ-અબ્દુલ્લા ઇન્ડોર સ્પોર્ટ્સ કૉમ્પ્લેક્સમાં વિશેષ કાર્યક્રમ 'હાલા મોદી' માં સંબોધિત કરી હતી. કુવૈતમાં સમુદાયના વિવિધ વર્ગનું પ્રતિનિધિત્વ કરતા ભારતીય નાગરિકોએ આ કાર્યક્રમમાં હાજરી આપી હતી.

2.સમુદાય દ્વારા પ્રધાનમંત્રીશ્રીનું અસાધારણ ઉષ્મા અને ઉત્સાહ સાથે સ્વાગત કરવામાં આવ્યું હતું. સમારોહને સંબોધતા, પ્રધાનમંત્રીશ્રીએ નોંધ કરી હતી કે ભારત-કુવૈતના સંબંધો ભારતીય સમુદાય દ્વારા ગાઢ અને સમૃદ્ધ થયા છે, જે બંને દેશો વચ્ચેના સંબંધોને વધારવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. કુવૈતના અમીરના ગૌરવપૂર્ણ આમંત્રણ માટે મહામહિમશ્રીનો આભાર માનતા, તેમણે કહ્યું કે 43 વર્ષ પછી કોઈ ભારતીય પ્રધાનમંત્રી વર્ષો જૂની મિત્રતાને મજબૂત અને સઘન બનાવવા કુવૈતની મુલાકાતે છે.

3. પ્રધાનમંત્રીશ્રીએ કુવૈતના વિકાસમાં સમુદાયના સખત પરિશ્રમ, ઉપલબ્ધિ અને યોગદાનની પ્રશંસા કરી હતી, જેને સ્થાનિક સરકાર અને સમાજ દ્વારા વ્યાપકપણે સન્માનિત કરવામાં આવ્યા છે, એમ તેમણે જણાવ્યું હતું. તેમણે ભારતીય સમુદાયના કલ્યાણ માટે કુવૈતના નેતૃત્વનો આભાર માન્યો હતો. કુવૈત અને અખાતમાં અન્યત્ર ભારતીય કામદારોને સહાયતા આપવાની ભારતની મજબૂત પ્રતિબદ્ધતાને દર્શાવતા, તેમણે સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલી ટેક્નોલોજી આધારિત પહેલ જેમ કે ઇ-માઇગ્રેટ પોર્ટલ વિશે વાત કરી હતી.

4. પ્રધાનમંત્રીશ્રીએ "વિશ્વબંધુ", વિશ્વના મિત્ર તરીકે ભારતના અભિગમની રૂપરેખા આપી હતી. તેમણે ભારતની ઝડપી પ્રગતિ અને પરિવર્તન વિશે, ખાસ કરીને ટેક્નોલોજી, ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને ટકાઉક્ષમતાના ક્ષેત્રે, વિસ્તૃત રીતે જણાવ્યું હતું. તેમણે નોંધ્યું કે વિશ્વની પાચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા હોવા ઉપરાંત, ભારત ફિનટેકમાં વૈશ્વિક અગ્રણી છે, સ્ટાર્ટ-અપના ક્ષેત્રે ત્રીજું સૌથી મોટું વૈશ્વિક ખેલાડી છે અને વિશ્વભરમાં સૌથી વધુ ડિજિટલ રીતે જોડાયેલ સમાજ છે. તેમણે નાણાંકીય સમાવેશ, મહિલાઓના નેતૃત્વમાં વિકાસ અને સમાવેશી વૃદ્ધિ જેવી ઉપલબ્ધિઓને પ્રકાશિત કરી હતી. વિકસિત ભારત અને ન્યુ કુવૈત, એ બંને દેશોની સહિયારી આકાંક્ષાઓને પ્રતિબિંબિત કરતાં, તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે ભારત અને કુવૈત માટે સાથે મળીને કામ કરવાની વિશાળ તકો છે. ભારતની કૌશલ્ય ક્ષમતા અને નવીનતા બંને દેશો વચ્ચે નવી ભાગીદારીને પ્રોત્સાહન આપી શકે છે.

5. પ્રધાનમંત્રીશ્રીએ જાન્યુઆરી 2025 માં ભારતમાં યોજાનાર પ્રવાસી ભારતીય દિવસ અને મહા કુંભમાં ભાગ લેવા પ્રવાસી ભારતીય સમુદાયના સભ્યોને આમંત્રણ આપ્યું હતું.

**કુવૈત સિટી**

**21 ડિસેમ્બર, 2024**